
## ચાલો મનાવીએ, પરાક્રમી જવાનોને
## ૨૧ તોપોની સલામીનું પર્વ

# યુદ્ધ '૭૧



૧૯૭૫માં બનેલી ‘આક્રમણ’ ફિલ્મનું કિશારકુમારના કંઠે ગવાયેલું અવિસ્મરણીય ગીત છે: ‘દેખો વીર જવાનો અપને ખૂન પે યે ઈલજામ ન આયે, માં ના કહે કે મેરે બેટે વખ્ત પડા તો કામ ન આયે.’

૧૯૭૧માં ભારતીય જવાનોને વતનપરસ્તીની અને ફરજપરસ્તીની આવી રીતે યાદ અપાવવાની જરૂર ન હતી. ડિસેમ્બર ૩, ૧૯૭૧ની સાંજે રણહાક પડી કે તરત બહાદુરોએ શત્રુનાશ માટે બાંયો ચડાવી અને ૧૩મા દિવસે આક્રમણખોરોને પરાસ્ત કરી શરણગતિનો પત્ર લખી આપવા મજબૂર કરી છે.

વિજયદિનની ૫૦ મી જયંતિએ આજે તે રાષ્ટ્રપૂતોનું પાવન સ્મરણ કરીએ. યુદ્ધમાં જેઓ જખમી થયા, જીવ પડીકે બાંધી જેઓ લડ્યા અને જેમણે ભારતમાતાની સુરક્ષાના કાજે જાન ખોયા એ જવાનો ૨૧ તોપોની સલામીના હક્કદાર છે. આજથી શરૂ થતી રોજેરોજના અહેવાલોની શ્રેણીની PDF આપ દરેક વ્યક્તિ પોતાના ૨૧ સ્નેહી-મિત્રો-સગાંને મોકલો, જેથી વધુમાં વધુ લોકો રાષ્ટ્રપૂતોના પરાક્રમો અંગે વાકેફ બને. નક્કી માનો કે ૨૧ PDF મોકલવાનું આપનું કાર્ય એ શૌર્યવાન જવાનોને પ્રતીકાત્મક રીતે અપાયેલી ૨૧ તોપોની સલામી બની રહેશે કે જેમાંના ઘણા ખરા આજે હયાત નથી.





# તારીખ ડિસેમ્બર ૮, ૧૯૭૧: આ તારીખે ૫૦ વર્ષ પહેલાં શું બન્યું?

આ દિવસ લેફ્ટનન્ટ-જનરલ સાગતસિંહનો હતો. સાગતસિંહ એ કે જેમણે ૧૯૬૭ના નાથુ લા ખાતે ભારત પર ચડી આવી રહેલા ચીની સૈન્યને bloody nose નામે મશહૂર બનેલી શિકસ્ત આપી હતી. ચીનનું આક્રમણ થવાનાં ચિહ્નો સ્પષ્ટ દેખાયા ત્યારે નાથુ લા સેક્ટરના વરિષ્ઠ કમાન્ડિંગ ઑફિસરે તે અરસામાં મેજર-જનરલનો હોદ્દો ધરાવતા સાગતસિંહને નાથુ લા છોડી દક્ષિણ તરફ આવી જવાની સૂચના આપેલી, પણ એ રાજપૂત લડવૈયા ચીનનો સામી છાતીએ મુકાબલો કરવા મક્કમ હતા. જીવસટોસટના યુદ્ધમાં આખરે જ્વલંત સફળતા હાંસલ કરીને જંપ્યા.

અગાઉ સાગતસિંહ ૧૯૬૦માં ગોવાના મુક્તિસંગ્રામ વખતે હેડક્વાર્ટર્સ દ્વારા હુકમ મળવાની રાહ જોયા વગર પોર્તુગિઝો પર ત્રાટક્યા હતા અને પોર્તુગિઝ સરકારે ગોવામાં તો ઠીક, પરંતુ પોર્તુગાલની રાજધાની લિસ્બનમાં પણ તેમના ફોટા સહિત wanted નાં પોસ્ટરો મકાનોની ભીંત પર અને દીવાલો પર ચિપકાવ્યાં હતાં. કઇ માટીના સાગતસિંહ બનેલા તે શી ખબર, છતાં તેમનાં અત્યંત ખુમારીભર્યાં અને સાહસભર્યાં પરાક્રમો જોતાં ઉપરવાળાએ કદાચ તે માટી સાથે થોડો ગનપાવડર ભેળવ્યો હોય એવું કલ્પી શકીએ.

ડિસેમ્બર, ૧૯૭૧માં બાંગલાદેશ ફ્રન્ટ પર સાગતસિંહ દક્ષિણ-પૂર્વીય સરહદે IV Corps / 4થી કોરના કમાન્ડિંગ ઑફિસર હતા અને તેમનો હોદ્દો ત્યારે મેજર-જનરલને બદલે લેફ્ટનન્ટ-જનરલનો એટલે કે દેશના નાયબ સેનાપતિનો હતો. (Corps શબ્દનો ઉચ્ચાર માત્ર કોર થાય છે, કોર્પ્સ નહિ.) આ કોરમાં ત્રણ ડિવિઝન હતી, જેમાની એક Mountain Division હતી. સાગતસિંહને મેઘાલય, ત્રિપુરા તથા મિઝોરમનું શત્રુના આક્રમણ સામે રક્ષણ કરવાનું દાયિત્વ સોંપાયું હતું. બીજા શબ્દોમાં કહો તો તેમણે offesive / આક્રમક નહિ, પણ defensive / રક્ષણાત્મક યુદ્ધનીતિને વળગી રહેવાનું હતું. દુશ્મન પડકારે ત્યારે આક્રમક બનવાનું હોય એ વખતે પણ મુકાબલો રક્ષણાત્મક આયામમાં કરવાનો હતો.

લોખંડી ચણાને પણ ચાવી જનારા સાગતસિંહને આવું કાર્ય સોંપવું એ તેમને ચણા-મમરા પીરસ્યા બરાબર હતું. સ્વતંત્ર મિજાજના સાગતસિંહ વહેલામોડા તેમના સ્વભાવ પર ગયા વગર રહેવાના ન હતા. મોકો આવ્યો ત્યારે પાકિસ્તાની લશ્કરને તેમણે એવો પરચો બતાવ્યો કે ૧૯૭૧નું ભારત-પાક યુદ્ધ સમાપ્ત થયા પછી કેટલાક અગ્રગણ્ય યુદ્ધનિષ્ણાત વિશ્લેષકોએ લેફ્ટનન્ટ-જનરલ સાગતસિંહને બાંગલાદેશમાં ભારતને પ્રાપ્ત થયેલા વિજયના હિરો લેખાવ્યા. અલબત્ત, બીજા ભારતીય શૂરવીરો ઓછા ન હતા અને તેમણેય જનરલ નિયાઝીના પાક સૈન્યને ફટકા પર ફટકા લગાવ્યા હતા, પરંતુ જે ફટકો સાગતસિંહએ લગાવ્યો તે અમુક યુદ્ધનિષ્ણાતોના મંતવ્ય અનુસાર મરણતોલ હતો.

*લેફ્ટનન્ટ-જનરલ સાગતસિંહ દુશ્મનની હિંમત અને કરોડનાં હાડકાં બેય ભાંગી નાખવામાં માહેર, પરંતુ સ્વતંત્ર મિજાજને લીધે તેમની યોગ્યતાને અનુરૂપ પ્રસિદ્ધિ તેઓ પામ્યા નહિ. હંમેશા વિવાદાસ્પદ રહ્યા.*



બાંગલાદેશનો નકશો જરા ધ્યાનપૂર્વક જુઓ. બ્રહ્મપુત્ર, ગંગા તથા મેઘના એ ત્રણ મુખ્ય નદીઓ બાંગલાદેશને (પૂર્વ પાકિસ્તાનને) ચાર કુદરતી પ્રદેશોમાં વહેંચે છે. આ ત્રણેય નદીઓ યુરોપમાં વહેતી ડેન્યૂબ અને રહાઇન સહિતની દરેક નદી કરતા ક્યાંય વધારે પહોળી છે. ચાર પ્રદેશોને વળી નાની નદીઓ અથવા તો મોટી નદીઓની tributaries / વિશાખાઓ અનેક નાનાં ક્ષેત્રોમાં વહેંચી નાખે છે. આક્રમક લશ્કરે પૂર્વ પાકિસ્તાનને એટલે કે બાંગલાદેશને જીતવું હોય તો અનેક નદીઓને તેના હજારો સૈનિકોએ બખ્તરિયા, તેમજ પુરવઠા વાહનોએ પાર કરવી રહી, જે સહેલું કાર્ય ન હતું.

■



ડિસેમ્બર ૧૬, ૧૯૭૧ ના રોજ વિજયદિન મનાવવામાં આવ્યા પછી ઇન્દિરા ગાંધીએ રણભૂમિ પર ઝળકેલા બહાદુરોનું અભિવાદન કર્યું. આ ફોટોગ્રાફ તેમણે લેફ્ટનન્ટ-કર્નલ અરણુ ભીવરાવ હરોલિકરને શાબાશી આપ્યા વખતનો છે.

બાંગલાદેશની આવી પ્રતિકુળ ભૂગોળ લેફ્ટનન્ટ-જનરલ સાગતસિંહ સમક્ષ એકમાત્ર સમસ્યા ન હતી, સમસ્યાનો જુમલો ખાસ્સો બધો હતો. સૌથી મોટી તો એ ભારત જો પાકિસ્તાન પર આક્રમણ કરે તો ઇસ્લામાબાદને અમેરિકાએ તથા ચીને બધી રીતે સહાય કરવાનું વચન આપ્યું હતું. લશ્કરી દરમ્યાનગીરી કરવા સુધ્ધાં તેઓ તૈયાર હતા. આ સંજોગોમાં પાકિસ્તાની લશ્કરી એડી નીચે દબાયેલા પૂર્વ પાકિસ્તાનને વહેલામાં વહેલી તકે સ્વતંત્ર બાંગલાદેશ રાષ્ટ્રમાં ફેરવી નાખવું જરૂરી હતું. સમયની કિંમત હતી. પ્રત્યેક દિવસ મહત્ત્વનો હતો. ઇન્દિરા ગાંધી, જનરલ માણેકશા, મેજર-જનરલ જેકબ, લેફ્ટનન્ટ-જનરલ જગજિતસિંગ અરોરા તેમજ ઍડમિરલ સરદારીલાલ નંદા તથા ઍર ચીફ-માર્શલ પી. સી. લાલ સહિત બધા લશ્કરી અફસરો તે સારી રીતે જાણતા હતા, પરંતુ વિદ્યુતવેગી સપાટો બોલાવવાનો લેફ્ટનન્ટ-જનરલ સાગતસિંહનો મિજાજ 'કરેંગે યા મરેંગે' ની બાબતમાં સૌને આંટી જાય તેવો હતો.

અસાધારણ હિંમત દાખવી શકતા તેમજ અસાધારણ જોખમ ખેડી શકતા સાગતસિંહની અધિરાઇ પાળ તોડી રહી હતી. મિશન તેમને defensive અભિગમ રાખવાનું સોપાયું હતું, આમ છતાં દરેકેદરેક દિવસ ઉપરાંત દરેકેદરેક મિનિટને પણ ભૂરાજકીય સંજોગો વચ્ચે મહત્ત્વપૂર્ણ લેખી તેમણે આક્રમક વલણ અપનાવ્યું. પૂર્વ પાકિસ્તાનના સિલહટને તાત્કાલિક કબજે લેવાનું નક્કી કર્યું, કેમ કે ત્યાંથી ઢાકા તરફનો માર્ગ પકડી શકાતો હતો. રાજધાની ઢાકા હાથમાં આવી જાય એટલે પછી ન ચીનનો કે ન અમેરિકાનો ભય રહેવા પામે.

હેલિકોપ્ટરો દ્વારા ગુરખા સૈનિકોને તાત્કાલિક સિલહટ કેવી રીતે મોકલવા તેની ચર્ચા કરી રહેલા અફસરોમાં ઍર વાઇસ-માર્શલ ચંદનસિંહ ડાબેથી બીજા છે. (માર્ચ ૨૯, ૨૦૨૦ના રોજ એ રાષ્ટ્રસપૂતનું ૯૪ વર્ષની વયે અવસાન નીપજ્યું)




સાગતસિંહની દ્રઢ માન્યતા એ કે યુદ્ધમાં વિજય મેળવવો હોય તો વિદ્યુતવેગી ઝડપ દાખવ્યા વિના એ શક્ય ન બને. સિલહટ જીતવા માટે જે વ્યૂહરચના ઘડી કાઢી તેને અમલમાં મૂકવા તેમજ સફળ બનાવવા ગુરખા સૈનિકોને કમાન્ડો ઍટેક જેવી કામગીરી સોંપવાનું નક્કી કર્યું. થોડા દિવસ અગાઉ સિલહટ સરહદ પર એતગ્રામના મથકે ગુરખા સૈનિકો પાકિસ્તાનીઓને તેમની ખુકરીનો પરચો દાખવી ચૂક્યા હતા. લડાઇમાં મશીનગન, કાર્બાઇન, એસોલ્ટ રાઇફલ, હેન્ડ ગ્રેનેડ વગેરે અનેક શસ્ત્રો વપરાય, જેમની સરખામણીએ ખુકરી હાથોહાથની લડાઇનું શસ્ત્ર હોવાનું જોતાં પાકિસ્તાનીઓ શરૂઆતમાં તેને ખાસ ગણકારતા



પ્રગટ થઇ ગયું છે....
યુદ્ધ '૭૧
ભારત-પાક સંગ્રામની સિલસિલાબંધ સત્યકથા
■ નગેન્દ્ર વિજય
● કુલ ૨૩ પ્રકરણોની સળંગ યુદ્ધકથા
● સંખ્યાબંધ ચિત્રો, નકશા તથા આકૃતિઓ
● શસ્ત્રોની આશ્ચર્યજનક માહિતી
યુદ્ધ '૭૧
ભારત-પાક સંગ્રામની સિલસિલાબંધ સત્યકથા
ફક્ત ૧૪ દિવસમાં
પાકિસ્તાનના જેણે
બે ટુકડા કરી નાખ્યા એ
૧૯૭૧ના ભારત-પાક યુદ્ધની સત્યકથાનું
નગેન્દ્ર વિજયની કલમે લખાયેલું
બેસ્ટ-સેલર પુસ્તક...
₹ 350/-
(પોસ્ટેજ ચાર્જ અલગ)
આજે જ www.harshalpublications.in પરથી ઓનલાઇન ખરીદો.



*ભારતનું મૂળ ફ્રેન્ચ ડિઝાઈનનું ચેતક હેલિકોપ્ટર heliborne કાર્યવાહી માટે યોગ્ય નહોતું, છતાં સાગતસિંહ અને હેલિકોપ્ટર યુનિટના ઍર વાઈસ-માર્શલ ચંદનસિંહે આવાં હેલિકોપ્ટરો વડે કામ ચલાવ્યું.*

ન હતા. મહત્ત્વ એ વખતે સમજાયું કે જ્યારે એતગ્રામના યુદ્ધમાં '*આયો ગોરખાલી!*' ના બુલંદ નારા સાથે ધસી ગયેલા ગુરખા સૈનિકોએ ખુકરી હુલાવી અનેક પાકિસ્તાની સૈનિકોનાં આંતરડાં બહાર ખેંચી કાઢ્યાં અને તે ભયાનક અનુભવ પછી દુશ્મનોના હૃદયમાં કબૂતરિયા ફફડાટે ઘર કર્યું.

સાગતસિંહની Corps / કોરમાં લેફ્ટનન્ટ-કર્નલ અરુણ ભીમરાવ હરોલિકર 4 બટાલિયનના કમાન્ડિંગ ઑફિસર હતા. આ બટાલિયનમાં 5મી ગુરખા રાઈફલ્સનો સમાવેશ થતો હતો. ગુરખાઓ એતગ્રામ ઉપરાંત ગાઝીપુર ખાતે જીવસટોસટનો સંગ્રામ લડ્યા હતા. સળંગ ચાર દિવસ સુધી તેમણે ઊજાગરો વેઠ્યો હતો અને હવે થોડીક નિદ્રા લેવાનું આવશ્યક હતું. લેફ્ટનન્ટ-કર્નલ હરોલિકરે તેમને એ માટે છૂટ આપી, પણ એકાદ ઝોકું ખાવાનુંય ગુરખાઓના નસીબમાં ન હતું. બ્રિગેડ હેડક્વાટર્સ પરથી કમાન્ડિંગ ઑફિસર બ્રિગેડિયર બન્ટી ક્વિનનો કર્નલ હરોલિકર પર ટેલિફોન કૉલ આવ્યો કે તેમની બટાલિયને તાબડતોડ નવું મિશન હાથ ધરવાનું હતું. ગુરખાઓની શારીરિક અને માનસિક હાલત સારી રીતે જાણતા લેફ્ટનન્ટ-કર્નલ હરોલિકરે સખત શબ્દોમાં વિરોધ ઊઠાવ્યો. બન્ટી ક્વિને ફોનમાં કહ્યું: 'હેરી, તમારી જગ્યાએ હું હોત તો મે પણ વિરોધ કર્યો હોત અને મેં કર્યો પણ ખરો, પણ કોર કમાન્ડરે ચોખ્ખી ના પાડી દીધી. હું ફોન પર વધારે કહી શકતો નથી, એટલે રૂબરૂ આવું છું.'

જીપગાડી હંકારીને બ્રિગેડિયર બન્ટી ક્વિન બટાલિયનના સ્થળે પહોંચ્યા. ગુરખા સૈનિકોએ ત્યાં વહેતી નદીમાં પોતાનાં કપડા ધોઇ અને સૂકવી રાખ્યાં હતાં. ઊંઘવાની તૈયારી કરતા હતા બ્રિગેડિયર બન્ટી ક્વિને લેફ્ટનન્ટ-કર્નલ હરોલિકરને જણાવ્યું કે કોર કમાન્ડરે (સાગતસિંહે) heliborne ઑપરેશન હાથ ધરવાનું નક્કી કર્યું હતું અને તે વખત ગુમાવ્યા વગર તાત્કાલિક શરૂ કરી દેવાનું હતું.

■

ભુતકાળમાં આપણા ભૂમિદળે heliborne આક્રમણ કદી હાથ ધર્યું ન હતું. ગુંજાઇશ પણ ન હતી, કેમ કે આર્મી પાસે ગનશિપ પ્રકારનાં હેલિકોપ્ટરો ન હતાં. ગનશિપ હેલિકોપ્ટર રોકેટો અને તોપ વડે સજ્જ હોય અને કેટલાંક તો એન્ટિ-ટેન્ક મિસાઈલ પણ છોડે, પણ તેમની ખાસ લાક્ષણિકતા હોય તો એ જાડું બખ્તરિયા માળખું કે જેને મશીનગનની ગોળીઓ વીંધી શકે નહિ. હેલિકોપ્ટરો paratroopers કહેવાતા છત્રીસૈનિકોને દુશ્મની હરોળ પાછળ ઊતારે, જ્યાંથી તે યોદ્ધાઓ પૂઠીરા હુમલાઓ કરી દુશ્મના નાકે દમ આણી દે અને કેટલાયને મોતભેગા કરી દે.

૧૯૭૧માં એવાં હેલિકોપ્ટરો ભારતીય આર્મી પાસે ન હતાં, પણ હિંદુસ્તાન ઍરોનોટિક્સમાં બનેલા Alouette / આલુએત (ભારતીય નામે *ચેતક*) અને રશિયન Mi-4 હેલિકોપ્ટરો હતાં. બેયનું માળખું પાતળી ધાતુનું બનેલું હતું, માટે તેમા બેઠેલા paratroopers ગ્રાઉન્ડ ફાયર સામે સલામત રહી શકે નહિ. નીચેથી દુશ્મને છોડેલી મશીનગનની બુલેટ પણ પતરું વીંધીને સૈનિકને બહુ ખરાબ રીતે અને 'સંકોચશીલ' રીતે જખમી કરી દે. પડકાર સામે ગાંજ્યા ન જાય તેવા સાગતસિંહએ દરેક સૈનિક તેના સંરજામનો થેલો

*રશિયન બનાવટનું Mi-4 જૂજ સૈનિકોના અને જૂન શસ્ત્રોના પરિવહન માટેનું (હવે આઉટડેટેડ) હેલિકોપ્ટર હતું. અને ચેતકની જેમ તે પણ heliborne મિશન માટે યોગ્ય નહિ.*



સીટ પર મૂકી તેના પર બેસે એમ ઠરાવ્યું. સાગતસિંહની અર્જુનઆંખને માત્ર ઢાકા દેખાતું હતું અને ત્યાં પહોંચવા માટે તેઓ ગમે તે કરી છૂટવા તૈયાર હતા. ઉપરાંત ગુરખા સૈનિકો પર તેમને પાકો વિશ્વાસ હતો. સૈનિકોએ પૂર્વ પાકિસ્તાનના સિલહટને કબજે લેવાનું હતું. પગપાળા જવામાં બે-ત્રણ દિવસ નીકળી જાય, એટલે heliborne ઑપરેશન હાથ ધરવા તેઓ કૃતનિશ્ચયી હતા.

પ્રારંભમાં મળેલી જાસૂસી બાતમી અનુસાર પાક સેનાપતિ જનરલ નિયાઝીએ સિલહટના રક્ષણ માટે ૩,૦૦૦ સૈનિકોને તે ક્ષેત્રમાં રાખ્યા હતા. સાગતસિંહને ત્યાર પછી જાણવા મળ્યું કે પશ્ચિમી સરહદે મેજર-જનરલ જેકબના લશ્કરનું દબાણ વધતાં સિલહટની ફોજને એ સીમાડા તરફ ટ્રાન્સફર કરી દેવામાં આવી હતી અને હવે સિલહટ ખાતે માત્ર ૨૦૦ જણા હતા. આ બીજા સમાચાર માત્ર અધકચરી બાતમી પર આધારિત હતા, એટલે વાસ્તવિક પરિસ્થિતિ અંગે કશુ પાકે પાયે જાણી શકાયું ન હતું.

પાક સેનાપતિ નિયાઝીએ સિલહટને માત્ર ૨૦૦ જણાના ભરોસે છોડી દીધું હોય એ વાત લેફ્ટનન્ટ-કર્નલ હરોલિકરના તો માનવામાં જ આવી નહિ. પાકિસ્તાનની ૩,૦૦૦ સૈનિકોની બનેલી 202 Infatry Brigade હજી પણ સિલહટમાં મોજૂદ હોવાનું તેમને લાગતું હતું. ખરેખર જો તેમ હોય તો તેમના ગુરખા સૈનિકોનું મિશન જોખમભર્યું અને સારા એવા પ્રમાણમાં જીવલેણ સાબિત થાય તેમ હતું. ■

*સયુંક્ત રાષ્ટ્ર સંસ્થાએ ઢાકા ખાતેના તેના કર્મચારીઓને તથા એ સૌનાં પરિવારજનોને લાવી દેતા જે C-130 વિમાન મોકલ્યું તે ગ્રાઉન્ડ ફાયરનું નિશાન બન્યું. વિમાન બચી ગયું, પણ વિવાદ ચગ્યો.*




હવે પછીના ઘટનાક્રમને સેજ મોકૂફ રાખી ૮મી ડિસેમ્બરના રોજ ચર્ચાસ્પદ બનેલી સાવ જુદી ઘટના અંગે જરા સરખી નોંધઃ

પૂર્વ પાકિસ્તાનના ઢાકામાં UN / સયુંક્ત રાષ્ટ્ર સંસ્થાના કેટલાક અધિકારીઓ તે સંસ્થા (યુનો) વતી કાર્ય બજાવતા હતા. આ સૌને સહીસલામત રીતે અને સમયસર પાછા લાવી દેવા માટે સંસ્થાએ C-130 પ્રકારનું વાહતુક પ્લેન મોકલ્યું. (આજે ભારતીય વાયુસેના પણ કેટલાંક C-130 ધરાવે છે.) વિમાન ઢાકા પર ઉતરાણ કરે તે પહેલાં તેના પર ગોળીબારો થવા લાગ્યા. પાંખોને નુકસાન પહોંચ્યું, એટલે પ્લેનના કમાન્ડરે વિમાનને લેન્ડિંગ કરાવ્યા વગર બેંગકોક તરફ પાછું વાળ્યું. આ બનાવના પડઘા યુનોમાં પડ્યા અને ભારત સરકારે ઈસ્ટર્ન ઍર કમાન્ડના વાયુસેનાપતિ ઍર-માર્શલ એચ. સી. દીવાન પાસે તેમજ વિમાનવાહક જહાજ *વિક્રાંત*ના કેપ્ટન સ્વરાજ પ્રકાશ પાસે ખુલાસો માગ્યો. દીવાને જણાવ્યું કે પૂર્વ પાકિસ્તાનના ઍર ફોર્સને સદંતર નષ્ટ કરી દેવાયું હતું, એટલે ભારતીય વિમાનોએ ઢાકાના તેજગાઁવ ઍરપોર્ટ પર હુમલો કરવાનો પ્રશ્ન જ ન હતો. *વિક્રાંત*ના કેપ્ટને પણ સ્પષ્ટતા કરી કે તે દિવસે જહાજના એકેય Sea Hawk અથવા તો Alize પ્લેને ટેક-ઑફ કર્યું ન હતું.

ઢાકા ખાતેના BBC રેડિઓના પ્રતિનિધિએ ધ્વનિમુદ્રિત સંદેશો બ્રોડકાસ્ટ માટે પાઠવ્યો કે, ‘ભારત નાગરિક વિમાન પર અને તે પણ સયુંક્ત રાષ્ટ્રના વિમાન પર ઍટેક કરે એ વાત માનવા લાયક નથી.’ બિલકુલ એવું જ મતંવ્ય બ્રિટનનાં વર્તમાનપત્રોએ પ્રગટ કર્યું. હુમલાનું આળ છેવટે પાકિસ્તાન માથે આવ્યું. ભારતને બદનામ કરવા ખાતર તેણે સયુંક્ત રાષ્ટ્ર સંસ્થાના વિમાનને હાનિ પહોંચાડી હતી અને પછી કાગારોળ મચાવી હતી. ●

## સગતસિંહનું નિશાનઃ સિલહટ

